| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૩૦/૧૦/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સરદારનગર પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ-૧૨૩ કિ.રૂ ૨૮,૫૬૫/- મળી કુલ રૂપિયા ૩૩,૬૬૫/- ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.**

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૨૯.૧૦.૨૩ ના રોજ સ્ટાફના પો.સબ.ઈન્સ. શ્રી બી.આર.ક્રિશ્ચીયન, પો.સબ.ઈન્સ. શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. મહમંદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો. સુખદેવસિંહ લાખુભાઈ બ.ન.૮૨૮૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો. ઈન્દ્રવિજયસિંહ દાદુભા બ.ન.૯૨૬૨, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો. મનહરસિહ નહારસિહ બ.ન.૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.પો.કો. વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન મ.સ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી તથા અહેકો ઈન્દ્રવિજયસિંહ દાદુભા નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નાના ચિલોડા રોડ કામદારનગરના છાપરા દ્વારકાનગરની બાજુમાં ગલી નં.૪ માં આવેલ મકાનમાં રેઈડ કરી જુદી જુદી બ્રાન્ડની વિદેશીદારુ ની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૨૩ કિ.રુ.૨૮,૫૬૫,/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩૩,૬૬૫/-ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને પકડી લઈ તેઓની તથા અન્ય વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૪૦૨૩૨૨૭૫/ ૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) ભરત રાજારામ મૌર્ય રહે.,ઔડાના મકાન લાયન્સ સ્કુલની સામે એસબીઆઈ બેન્કની પાછળ જીઆઈડીસી નરોડા અમદાવાદ (૨) રીનીતકુમાર ઉર્ફે ગુજ્જુ સતિષભાઈ જયંતીભાઈ ઈન્દ્રેકર(છારા) રહે. ગોપાલસિંહ ભવાનસિહ ઝાલા ના મકાનમાં સુભાષનગર ટેકરો સરદારનગર અમદાવાદ (૩) મનીષકુમાર ઉર્ફે ગુજ્જુ સતિષભાઈ જયંતીભાઈ ઝાલા રહે.સુભાષનગર ટેકરા સરદારનગર અમદાવાદ

**નહી પકડાયેલ આરોપણબેન :** (૧) કાજલ વા.ઓ.અશોક ઉર્ફે ધનધન રાજારામ મૌર્ય રહે. ૩૩૫ કામદારનગરના છાપરા નોબલનગર સરદારનગર અમદાવાદ

**ગુનાની જગ્યા :** નાના ચિલોડા રોડ કામદારનગરના છાપરા દ્વારકાનગરની બાજુમાં ગલી નં.૪ માં આવેલ કાજલ વા.ઓ.અશોક ઉર્ફે ધનધન રાજારામ મૌર્ય ના કબ્જા ભોગવટાવાળા મકાનમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) પરપ્રાંતની વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૨૩ કિ.રુ.૨૮,૫૬૫/- (૨) મો.ફોન નંગ ૧ કિ.રુ.૨૫૦૦/ (૩) રોકડા રુપિયા ૨૬૦૦/ મળી કુલ્લે રુપિયા ૩૩,૬૬૫/ ની મત્તાનો મુદામાલ

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૮૬૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૮૨/૨૦૨૩

**નરોડાઃ** પુનાભાઇ મણાભાઇ બરંડા (ઉ.વ.૪૬)(રહે.ઓર્ચિડ હેરીટેઝ પનાસીયા રેસીડન્સીની બાજુમા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૩ સવારના ૮/૦૦ થી તા.૨૯/૧૦/૨૦૨૩ સવારના કલાક ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, સ્ટોર રૂમમા રાખેલ તીજોરીના લોકરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૮૩/૨૦૨૩

**નિકોલઃ** જશુભાઈ મનજીભાઈ ધડુક (ઉ.વ.૬૦)(રહે.અવધ રેસીડેન્સી, ગામ-વાલક વરાછા સુરત) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૪૫ થી તા.૨૯/૧૦/૨૦૨૩ સવારના ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ સાંકેત ટાવરની નવી બાંધકામની સાઈડ આગળ ભોજલધામ રેસીડેન્સીના ગેટ સામે રોડ ઉપર પોતાની મારૂતિ વિટારા બ્રેજા કાર નંબર જીજે.૧૬.સીએન.૫૪૫૪ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જે ગાડીનુ લોક તોડી અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૪/૨૦૨૩**

**વટવાઃ** ચમનભાઇ નથુભાઇ પટણી (ઉ.વ.૭૦)(રહે.સંજય ટેકરી, અનિલ સ્ટાર્ક મીલ સામે, ભીડભંજન બાપુનગર) તા.૨૯/૧૦/૨૦૨૩ સવારના ૯/૪૦ વાગ્યાના સુમારે વટવા પુનિતનગર રેલ્વે ફાટક થાંભલા નંબર ૪૮૯/૨૪ પાસે રેલ્વેના પાટા ઓળંગતા હતા ત્યારે વડોદરા-અમદાવાદ મેમો ટ્રેઇનની ટક્કર વાગતા શરીરે ગંભીર ઇજાઓ થતા ચમનભાઇનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશસિહ કલ્યાણસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૫/૨૦૨૩**

**નિકોલઃ** કિરણભાઈ ડાહ્યાભાઈ ભુત(પટેલ)(ઉ.વ.૫૮)(રહે.દિવ્યજીવન લાઈફ સ્ટાઈલ દિપક સ્કુલ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૩ ના કલાક ૧૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને નિકોલ હાર્મોનિ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૦/૨૦૨૩ બપોરના ૨/૦૫ વાગે ફરજ પર ના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી